# ઈમિગ્રેશન (સ્થળાંતરિત) વિઝા સેક્શન

## અમેરિકન કોન્સ્યુલેટ જનરલ મુંબઈ ભારત

support-india@ustraveldocs.com
http://mumbai.usconsulate.gov

**ભારતઃ** +91-120-4844644 અથવા +91-40-4625-8222

**અમેરિકાઃ** 1-703-520-2239

## સ્થળાંતરિત વિઝાના અરજદારો માટેનું અપોઈન્ટમેન્ટ-પેકેજ (પેકેટ-4)

અમેરિકન કોન્સ્યુલેટ જનરલ મુંબઈ ખાતે સ્થળાંતરિત વિઝા માટે કેવી રીતે અરજી કરવી એ બાબતેની માહિતી આ દસ્તાવેજમાં છે. આ માત્ર એ જ અરજદારો માટે છે જેમને તેમનો વિઝા ઈન્ટરવ્યુ નિર્ધારિત થયો હોવા અંગેનો પત્ર પ્રાપ્ત થયો હોય.

સ્થળાંતરિત વિઝા અંગેની વધારાની માહિતી અને એ સંબંધિત અન્ય પ્રશ્નોના ઉત્તર આ દસ્તાવેજમાં આપવામાં આવ્યા નથી. એના માટે http://travel.state.gov/content/visa/english/immigrate.htmlની મુલાકાત લો.

તમે વિઝા ઈન્ટરવ્યુ મુલાકાત માટે આવો તે પહેલા નીચે જણાવેલી પ્રક્રિયા ચાર તબક્કામાં પૂર્ણ કરવાની રહેશે.

1. જો તમે DS-260 ફોર્મ ન ભર્યું હોય તો https://ceac.state.gov/ceac ની મુલાકાત લો અને એ ફોર્મ ઓનલાઈન ભરો. જો તમારી મુલાકાત નેશનલ વિઝા સેન્ટર (એનવીસી) દ્વારા ગોઠવવામાં આવી હોય તો તમારું આ ફોર્મ ભરાઈ ચૂકયું હશે.
2. ફોર્મ DS-260ના કન્ફર્મેશન પેજની પ્રત લઈ લો.
3. અકાઉન્ટના નિર્માણ, લોગ ઈન અને ભારતભરના પાંચ વિઝા એપ્લિકેશન સેન્ટર પૈકીના કોઈ એક કેન્દ્ર પર તમારી તસવીર અને ફિંગરપ્રિન્ટ માટેની અપોઈન્ટમેન્ટ મેળવવા માટે http://www.ustraveldocs.com ની મુલાકાત લો અને ત્યાં જણાવેલી માહિતીને અનુસરો.
4. દસ્તાવેજમાં જણાવેલી અન્ય માહિતીઓને ભેગી કરીને તમારા ઈન્ટરવ્યુની તૈયારી કરો.

## ઈન્ટરવ્યુની તૈયારી માટેનું ચેકલિસ્ટ

ઈન્ટરવ્યુના દિવસે નીચે જણાવેલા તમામ દસ્તાવેજો પ્રત્યેક વિઝા અરજદાર માટે લાવવાના રહેશે. નીચે જણાવેલા ક્રમ પ્રમાણે તેમને ગોઠવો અને કોન્સ્યુલેટ સ્ટાફ પૂછે ત્યારે એ જ ક્રમ પ્રમાણે આપવાની તૈયારી રાખો. આ દસ્તાવેજમાં ડાબી બાજુ આપેલા ચોકઠા પર ટિક કરીને ખાતરી કરો કે નીચે જણાવેલા તમામ દસ્તાવેજો તમે ભેગાં કર્યાં છે.

- **પાસપોર્ટ:** તમારો અત્યારનો અને જૂના તમામ પાસપોર્ટ સાથે લાવો. તમારો અત્યારનો પાસપોર્ટ તમારા ઈન્ટરવ્યુના દિવસથી ઓછામાં ઓછા આઠ મહિના સુધી માન્ય હોવું જોઈએ. પાસપોર્ટ પર તમારું સાચું નામ અને જન્મતારીખ હોવી જોઈએ.

- **ફોટોગ્રાફ્સ:** સફેદ બેકગ્રાઉન્ડમાં લેવામાં આવેલા તમારા 2 X 2 ઈંચ (51 X 51 mm) ના બે કલર ફોટોગ્રાફ્સ સાથે લાવવા.

- **DS-260 ફોર્મનું કન્ફર્મેશન પેજ**

- **મેડિકલ રિપોર્ટ:** તમારા મેડિકલ રિપોર્ટ સાથે લાવો. તમારી મુલાકાત પહેલા કોન્સ્યુલેટના પેનલ ડોક્ટર પાસે તમારે મેડિકલ તપાસણી કરાવવાની રહેશે. તમારી મેડિકલ તપાસણીની મુલાકાત ગોઠવવા બાબતેની વધારે માહિતી મેળવવા માટે http://travel.state.gov/visa/immigrants/info/info_3739.html ની મુલાકાત લો.

- **ભારતીય પોલીસ તરફથી ક્લિયરન્સ સર્ટિફિકેટ:** જો તમે 16 વર્ષ કે એનાથી મોટી વયના ભારતીય નાગિરક છો તો તમારે રિજનલ પાસપોર્ટ ઓફિસમાંથી પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું આવશ્યક છે. આ સર્ટિફિકેટ અપાયાના એક વર્ષ સુધી માન્ય ગણાય છે. જો એનવીસીને તમારું સર્ટિફિકેટ આપી દીધું હોય તો એની એની માન્યતા ફરીથી તપાસો. જો એ સર્ટિફિકેટની માન્યતા પૂર્ણ થઈ ગઈ હોય તો વિઝા ઈન્ટરવ્યુ માટે નવું સર્ટિફિકેટ લાવવાનું રહેશે.

  જો તમે ભારતમાં વસતા વિદેશી છો અને ફોરેનર રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (એફપીઆરઓ)માં તમારું નામ નોંધાયેલું હોય તો તેમની પાસેથી તમારું પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવો. જો તમે ભારતમાં વસતા વિદેશી છો, પરંતુ એફપીઆરઓમાં તમારું નામ

નોંધાયેલું નથી તો જિલ્લા પોલીસ કાર્યાલયમાંથી તમારું પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવાનું રહેશે.

- **<u>ફોરેન પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ:</u>** જો તમે 16 વર્ષની વય બાદ અન્ય કોઈ દેશમાં એક વર્ષ કે એનાથી વધારે સમય માટે વસ્યા હશો તો તમારે એ દેશ માટે પણ પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ મેળવવું પડશે. પારસ્પરિક વિઝા બાબતે તથા તમે જે દેશોમાં વસવાટ કર્યો હોય ત્યાં માટે પોલીસ ક્લિયરન્સન સર્ટિફિકેટની આવશ્યકતા છે કે નહીં અથવા તે કેવી રીતે મેળવવું એ બાબતેની વધારે માહિતી માટે http://travel.state.gov/content/visas/english/fees/reciprocity-by-country.html ની મુલાકાત લો.

  અમેરિકામાં વસવાટ કરી ચૂકેલા અરજદારો માટે પોલીસ સર્ટિફિકેટની આવશક્યતા નથી.

- **<u>ફીઃ</u>** જો તમારી મુલાકાત એનવીસી દ્વારા ગોઠવવામાં આવી હશે તો મોટાભાગે તમારી વિઝા ફી તમે ભરી દીધી હશે. જો તમારી મુલાકાત એનવીસી દ્વારા ગોઠવવામાં ન આવી હોય તો રૂપિયો ચલણી નાણું ધરાવતી રાષ્ટ્રીયકૃત અથવા વિદેશી બેંકનો ડ્રાફ્ટ તમારી મુલાકાત વખતે સાથે લાવવો. આ બેંક ડ્રાફ્ટ "યુ.એસ. કોન્સ્યુલેટ જનરલ, મુંબઈ"ના નામે તથા મુંબઈમાં તેની ચૂકવણી થઈ શકે એવો હોવો જોઈએ.

  ચલણી નાણાં માટે કોન્સ્યુલરનો એક્સચેન્જ રેટ બદલાઈ શકે છે તેથી તમારા ઈન્ટરવ્યુના એક દિવસ પહેલા એક્સચેન્જના કોન્સ્યુલર રેટની http://www.ustraveldocs.com પર તપાસ કરી લેવી. વિઝા ફી રિફન્ડેબલ નથી હોતી.

- **<u>બર્થ સર્ટિફિકેટ:</u>** તમારું મૂળ જન્મ પ્રમાણપત્ર (બર્થ સર્ટિફિકેટ) અને એની એક સ્પષ્ટ નકલ સાથે લાવવી. જો એ બર્થ સર્ટિફિકેટ અંગ્રેજ સિવાયની કોઈ અન્ય ભાષામાં હોય તો નોટરાઈઝ્ડ કરેલું તેનું અંગ્રેજી ભાષાંતર પણ સાથે લાવવું.
  જો તમારી પાસે બર્થ સર્ટિફિકેટ ન હોય અથવા બર્થ સર્ટિફિકેટ પર તમારું નામ, જન્મ તારીખ કે તમારા માતા-પિતાનું નામ ન હોય તો નીચે જણાવેલા પુરાવાઓ સાથે લાવવા.
  - જો તમારા માતા-પિતા હયાત હોય તો તેમના દ્વારા અથવા તો તમારાથી વયમાં મોટા હોય એવા નજીકના સંબંધી દ્વારા નોટરાઈઝ્ડ કરેલું સોગંદનામું (એફિડેવિટ) સાથે લાવવું. આ એફિડેવિટમાં તમારા અને એ સંબંધી વચ્ચેનો સંબંધ, એ તમને કેટલા

નજીકથી ઓળખે છે, તમારા જન્મની તારીખ અને સ્થળ, તમારા માતા અને પિતાનું નામ તથા અન્ય સંબંધિત વિગતો સ્પષ્ટપણે જણાવાયેલી હોવી જરૂરી છે. **<u>અથવા</u>**

- શાળા અથવા કોલેજનું લિવિંગ સર્ટિફિકેટ, મેટ્રિકનું સર્ટિફિકેટ અથવા તમે જે શાળામાં છેલ્લે ભણ્યા હો ત્યાંના માન્યતાપ્રાપ્ત શૈક્ષણિક બોર્ડનું સર્ટિફિકેટ. **<u>અથવા</u>**
- ચર્ચમાંથી તમારું બેપ્તિસ્મલનું સર્ટિફિકેટ લાવવાનું રહેશે.

○ **<u>લગ્નનું પ્રમાણપત્રઃ</u>** જો તમારા લગ્ન થયા હોય તો મેરેજ સર્ટિફિકેટની મૂળ પ્રત તથા એક સ્પષ્ટ વંચાય એવી નકલ સાથે લાવો. જો એ અંગ્રેજ સિવાયની કોઈ અન્ય ભાષામાં હોય તો નોટરાઈઝ્ડ કરેલું તેનું અંગ્રેજી ભાષાંતર પણ સાથે લાવવું.

○ **<u>છૂટાછેડાનું પ્રમાણપત્ર અથવા જીવનસાથીના મૃત્યુનું પ્રમાણપત્રઃ</u>** જો ક્યારેય તમારા લગ્નસંબંધનો અંત છૂટાછેડા અથવા જીવનસાથીના મૃત્યુને કારણે આવ્યો હોય તો છૂટાછેડા (ડિવોર્સ ડિક્રી) અથવા મૃત્યુનું મૂળ પ્રમાણપત્ર ઉપરાંત એક નકલ સાથે લાવવી. જો એ અંગ્રેજ સિવાયની કોઈ અન્ય ભાષામાં હોય તો નોટરાઈઝ્ડ કરેલું તેનું અંગ્રેજી ભાષાંતર પણ સાથે લાવવું.

હિંદુ અને ખ્રિસ્તી દંપતીના છૂટાછેડા કોર્ટ ઓર્ડર (ડિવોર્સ ડિક્રી) દ્વારા નોંધાયેલા હોવા જોઈએ. જ્યારે મુસ્લિમ દંપતીના છૂટાછેડા માટે જમાતના અગ્રણી અથવા કાઝી દ્વારા અપાયેલું પ્રમાણપત્ર સાથે લાવવું.

○ **<u>સંબંધોની સાબિતી આપતા દસ્તાવેજોઃ</u>** જો તમે પરિવારના આધાર પર કરવામાં આવેલી પિટિશન પર સ્થળાંતર કરવા માગતા હો તો અમે ભારપૂર્વક સલાહ આપીશું કે તમે પિટિશનર સાથેનો તમારો સંબંધ પૂરવાર કરતા દસ્તાવેજો રજૂ કરો.

જો તમે પરિવારના સભ્યો સાથે એટલે કે જીવનસાથી કે બાળકો સાથે સ્થળાંતર કરવા માગતા હો તો અમે ભારપૂર્વક સલાહ આપીશું કે તમને એક પરિવાર તરીકે સાબિત કરતા દસ્તાવેજો રજૂ કરો. જેમાં તસવીરો, લેખિત પત્રવ્યવહાર, ટેલિફોન રેકોર્ડ્સ કે પરિવારના રાશન કાર્ડનો સમાવેશ થઈ શકે છે. જોકે આ માત્ર મર્યાદિત વિકલ્પો છે.

○ **<u>આર્થિક બાબતોની સાબિતી આપતા દસ્તાવેજોઃ</u>** તમારે તમારા ઈન્ટરવ્યુ દરમિયાન એ સાબિત કરવાનું રહેશે કે અમેરિકામાં સ્થળાંતર થયા બાદ તમારી પાસે પૂરતું આર્થિક ભંડોળ હશે. આ

સાબિત કરવા માટેના દસ્તાવેજો વિઝાના પ્રકાર પ્રમાણે જુદા-જુદા હોય છે. આ બાબતે વધારે માહિતી મેળવવા માટે http://travel.state.gov/content/visas/english/immigrate/immigrant-process/documents/support/i-864-frequently-asked-questions.htmlની મુલાકાત લો.

## પરિવાર આધારિત સ્થળાંતર માટેઃ

તમારા સ્પોન્સરરે તમારા માટે "એફિડેવિટ ઓફ સપોર્ટ" નેશનલ વિઝા સેન્ટર (એનવીસી) ખાતે જમા કરાવ્યું છે કે કેમ એ બાબતેની તપાસ કરી લો. જો કરાવી દીધું હોય તો વધુ એક એફિડેવિટ જમા કરાવવાની આવશ્યકતા નથી. જો ના કરાવ્યું હોય તો નીચે પૈકીનું કોઈ પણ એક ફોર્મ સાથે લાવવું.

- તમારા સ્પોન્સરરે એફિડેવિટમાં જણાવેલી આવક તેઓ કમાવી લે છે એ સાબિત કરતા દસ્તાવેજો સાથે **ફોર્મ I-864 એફિડેવિટ ઓફ સપોર્ટ** સોંપવાનું રહેશે. દસ્તાવેજોમાં એમ્પ્લોયમેન્ટ લેટર, W-2 ફોર્મ અને/અથવા તાજેતરની પગારની રસીદ (પે સ્લીપ) નો સમાવેશ કરી શકાય છે. પિટિશનરની કોઈ આવક ન હોય તો પણ તેણે "એફિડેવિટ ઓફ સપોર્ટ" સોંપવાનું રહેશે.

- સ્પોન્સરર્સના ફોર્મ W-2ની નકલ સાથે **ફોર્મ I-864EZ એફિડેવિટ ઓફ સપોર્ટ** સોંપવાનું રહેશે.
  જો તમે પરિવારને અપાતી પ્રાથમિકતા પ્રમાણે પરિવાર તરીકે સ્થળાંતરિત રહ્યા હો તો મુખ્ય અરજદાર પાસે સહી કરેલી "એફિડેવિટ ઓફ સપોર્ટ"ની મૂળ પ્રત તથા અન્ય દસ્તાવેજોની મૂળ પ્રત હોવી જોઈએ. પરિવારના અન્ય સભ્યો એફિડેવિટ ઓફ સપોર્ટની નકલ લાવી શકે.

## એમ્પ્લોયમેન્ટ આધારિત સ્થળાંતર માટેઃ

- તમારી જોબ ઓફર અને પગાર બાબતેની માહિતી તમને નોકરી આપનારી કંપનીના લેટરહેડ પર લાવવી. લેટરહેડ પરની તારીખ તમારા વિઝા ઈન્ટરવ્યુની તારીખ અનુસાર એક વર્ષથી જૂની ન હોવી જોઈએ.

## રિટર્નિંગ રેસિડન્ટ (SB-1) અને ડાયવર્સિટી વિઝા (DV)ના અરજદારો માટેઃ

- તમને સપોર્ટિંગ દસ્તાવેજો સાથે **ફોર્મ I-134 એફિડેવિટ ઓફ સપોર્ટ** લાવવાની ભલામણ કરવામાં આવે છે.

ઉપર જણાવેલા ફોર્મ પૂરતી માહિતી સાથે અહીં ઉપલબ્ધ છે, http://www.uscis.gov/portal/site/uscis

**<u>અન્ય આવશ્યક દસ્તાવેજો</u>**: જો તમે ભૂતકાળમાં અમેરિકાના સ્થળાંતરના નિયમોનું ઉલ્લંઘન કર્યું હોય તો એ સંબંધેના તમામ દસ્તાવેજો સાથે લાવવા. જો તમે મિલિટરીમાં ફરજ બજાવી હોય અથવા કોઈ ગુનામાં દોષી પુરવાર હો તો અહીં જણાવેલા વધારેના દસ્તાવેજો પણ સાથે લાવવા, http://travel.state.gov/content/visas/english/immigrate/immigrant-process/documents/Supporting_documents.html.

## સામાન્ય રીતે પૂછાતા પ્રશ્નો

- **જો મારે મારી વિઝા અપોઈન્ટમેન્ટ ફરીથી નિર્ધારિત કરવી હોય તો મારે શું કરવું જોઈએ?**
  જો તમે નિર્ધારિત કરેલી વિઝા અપોઈન્ટમેન્ટ પ્રમાણે આવી ના શકો તો આ કાર્યાલયને તમે support-india@ustraveldocs.com ઈ-મેઈલ કરીને જાણ કરો. અપોઈન્ટમેન્ટ ફરીથી કેવી રીતે નિર્ધારિત કરવી જોઈએ એ બાબતે અમે તમને વધારે માહિતી આપીશું.

- **મારા વિઝા ઈન્ટરવ્યુ માટે હું કોને સાથે લાવી શકું?**
  સામાન્ય રીતે વિઝા ઈન્ટરવ્યુ માટે તમારા માટે પિટિશન કરનારા અમેરિકન નાગરિક અથવા કાયદાકીય રીતે કાયમી વસવાટ કરતા સંબંધી સિવાય તમે કોઈને સાથે લાવી શકશો નહીં. અલબત્ત, નીચે જણાવેલી પરિસ્થિતિઓ અપવાદાત્મક છેઃ
  - 18 વર્ષથી નાના અરજદાર સાથે તેમના માતા-પિતા અથવા વાલી આવી શકે છે.
  - વૃદ્ધ અરજદાર અથવા શારિરીક રીતે અક્ષમ અરજદાર તેમના સહાયક સાથે આવી શકે છે.

- **ઈન્ટરવ્યુ માટે મારે શું સાથે લઈ જવું જોઈએ?**
  બંધ ન કરેલી હોય એવી પ્લાસ્ટિકની બેગમાં અથવા ફોલ્ડરમાં તમારે માત્ર જરૂરિયાતના દસ્તાવેજો લઈ જવાના રહેશે. મોબાઈલ ફોન કે પર્સ/બેગ સાથે લઈ જવાની પરવાનગી હોતી નથી. અમારા દ્વારા કોઈ પણ વસ્તુઓ સાચવવા માટેની સુવિધા ઉપલબ્ધ કરાવાતી નથી.

- **શું મને સુનિશ્ચિતપણે વિઝા મળશે જ?**
  તમારો વિઝા મંજૂર થશે જ, એવી આગતરી ખાતરી અમે આપી શકતા નથી. તમને વિઝા ન મળી જાય ત્યાં કોઈ પણ પ્રવાસની તૈયારી, તમારી માલ-મિલકતનો નિકાલ કરવાની કે તમારી નોકરી છોડી દેશો નહીં.

- **મને મારો વિઝા કેવી રીતે મળશે?**
  અપોઈન્ટમેન્ટ લેતી વખતે તમે પસંદ કરેલા પિક-અપ સ્થળનો સમાવેશ તમારા અપોઈન્ટમેન્ટ લેટરમાં હોય છે. જ્યારે તમારો વિઝા તૈયાર થઈ જશે ત્યારે તમને એસએમએસ અને ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે. વિઝા લેવા માટે તમારી પાસે સરકાર દ્વારા અપાયેલા કોઈ પણ એક ઓળખપત્રની મૂળ પ્રત તથા એક નકલ હોવી જોઈએ. વધારે માહિતી માટે જુઓ, http://www.ustraveldocs.com/in/in-loc-passportcollection.asp.

- **મારો વિઝા કેવો દેખાશે?**

  તમારો વિઝા તમારા પાસપોર્ટમાં હશે. એ સાથે જ તમને એક સીલ-બંધ કવરમાં વધારાના દસ્તાવેજો પણ આપવામાં આવશે જે તમારે તમારા હેન્ડ લગેજમાં સાથે રાખવાના રહેશે. આ કવર ખોલ્યા વગર તમારે અમેરિકાની પોર્ટ ઓફ એન્ટ્રી ખાતે ઈમિગ્રેશન ઈન્સ્પેક્ટરને સોંપવાનું રહેશે.

- **મારો વિઝા કેટલા સમય માટે માન્ય હશે?**

  સામાન્ય રીતે તમારો વિઝા છ મહિના માટે અથવા તમારો મેડિકલ રિપોર્ટ જ્યાં સુધી માન્ય હોય, એ બંનેમાંથી જે ટૂંકો સમયગાળો હોય ત્યાં સુધી તમારો વિઝા માન્ય ગણાય છે.

- **વિઝા માટે મારે કેટલી ઝડપથી અરજી કરવી જોઈએ?**

  સામાન્ય રીતે અમે તમને અરજીની પ્રક્રિયા શરૂ કરવાનું જણાવીએ એ સમયથી એક વર્ષ સુધીના સમયગાળામાં તમે વિઝા માટેની અરજી કરી શકો છો. અપોઈન્ટમેન્ટ લેટરને જ સત્તાવાર સૂચના તરીકે ગણવામાં આવે છે. આ પત્ર મળ્યાના એક વર્ષમાં જો તમે વિઝા માટેની અરજી ન કરી શકો તો તમારી સ્થળાંતર માટેની અરજી તથા પિટિશન રદ થઈ જશે. તમારા વિઝા ઈન્ટરવ્યુ બાદ જો તમારે વધારાના દસ્તાવેજો જમા કરાવવાના હોય તો એ માટે પણ એક વર્ષનો સમય હોય છે. જો એક વર્ષમાં દસ્તાવેજો જમા ન કરાવી શક્યા તો તમારું સ્થળાંતરિત વિઝા રજિસ્ટ્રેશન અને પિટિશન રદ થઈ જશે.

- **જો પરિવારજનો તેમના વિઝા માટે થોડા સમય બાદ અરજી કરવા માગતા હોય તો...**

  જો તમારા પરિવારજનો અત્યારે સ્થળાંતર કરવા માટે લાયક હોય, પરંતુ તેઓ ભારતમાં તમારા કરતા વધારે સમય માટે રહેવા ઈચ્છતા હોય તો નીચે જણાવેલા દસ્તાવેજો તમારા ઈન્ટરવ્યુ વખતે સાથે લઈ આવવાઃ

  - તમારા પરિવારજનનું મૂળ જન્મ પ્રમાણપત્ર (બર્થ સર્ટિફિકેટ) અને એની સ્પષ્ટ નકલ.
  - તમારા પરિવારજનની પાસપોર્ટ સાઈઝની તસવીર.
  - તમારા પરિવારજનનો પાસપોર્ટ અથવા સરકાર દ્વારા આપવામાં આવેલું અન્ય કોઈ પણ એક ઓળખપત્ર.